**રાજકોટના મહે. 9 માં અધિક જયુડી. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં,**

**ફોજદારી કેસ નં– ૩૩૮૫/૨૫**

**ફરીયાદી**

**સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**રસીકભાઈ સોમાભાઈ બાવળીયા આરોપી**

**ગુન્હો:– પ્રોહીબીશન એકટની કલમ– 66(1)(B) તથા MV એક્ટ 185 મુજબ**

:: જજમેન્ટ ::

(૧)આ કામના ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપીએ આ કામના ચાર્જશીટમા જણાવલ તારીખે સમયે અને સ્થળે પાસ પરમીટ કે આધાર વગર કેફી પીણુ પીધેલી હાલતમાં પોતાના હસ્તક નું મોટર સાઇકલ ચલાવતા મળી આવતા ગુજરાત પ્રોહીબિશન એક્ટની કલમ 66(1)(B) તથા MV એક્ટ ની કલમ 185 મુજબનો ગુનો કરેલ હોય આરોપીને અટક કરી પોલીસ તરફથી ચાર્જશીટ રજ કરેલ છે. આરોપી હાલ જામીન મુકત છે આરોપી કોર્ટમા સમન્સ બજતા હાજર હોય કેસની નકલો આપવામા આવેલ છે તથા ગુન્હાકબુલાતી પુરશીશ આપી ગુન્હાની સ્વૈચ્છિક કબુલાત કરેલ છે અને તેઓ ગુનો કરેલાનો પસ્તાવો છે અને ભવિષ્યમા તેવી ભુલ ન થાય તેમ જણાવે છે. આરોપી દ્વારા પ્રથમ ગુનો જણાઈ આવતા તોના દ્વારા ભૂલ થઈ ગયેલ હોય દયા કરવા કોર્ટને અરજ કરેલ છે.

(૨)વધુમા આરોપીના કેસ જોતા ઉપરાંત કેસના સંજોગો ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગેના નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોના કેસમા ૨૦૦૫ જી.એલ.આર.પાના નં.૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદામા માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લેતા આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચિત જણાય છે જેથી આરોપીને સુધરવાની તક મળે તેથી આ કેસના તમામ સંજોગો લક્ષમા લઈ નીચે મુજબ હુકમ કરુ છુ.

:: હુકમ ::

(૧)આ કામના આરોપીને પ્રોહીબીશન એકટની કલમ– 66 (1) (B) તથા MV એક્ટ ની કલમ 185 મુજબ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી રૂા. 500/– (અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવામા આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિવસ–3 ની સાદી કેદની સજા ફરમાવવામા આવે છે.

(૨) મુદામાલ વાહનનો જો અગાઉ વચગાળાનો કરેલ હુકમ કરેલ હોય તો અપીલ સમય બાદ કાયમ કરવામા આવે છે અને જો વચગાળાના તબકકે મુદામાલનો કોઈ હુકમ થયેલ ન હોય તો

મુદામાલ વાહનના માલીકીપણાની ખરાઈ કરી તેના માલીકને પરત સોંપી આપવાનો તથા અન્ય કેફી પ્રકારના મુદામાલનો ધોરણસર નીકાલ કરવાનો હુકમ કરવામાં

સદર હુકમ આજ રોજ તારીખ ૦૮/૦૩/૨૦૨૫ રોજ લોકઅદાલતમાં જાહેર કર્યો.

**સ્થળ : રાજકોટ**
**તા ૦૮/૦૩/૨૦૨૫**
**લોકાદાલત**

**(ઋત્વિજ ફાલ્ગુનભાઈ ત્રિવેદી)**
**૯મા જ્યુડી.મેજી.ફ.ક.**
**રાજકોટ**
**UIC NO GJ01748**